



# શિક્ષણમાં નિરાશાને સ્થાન નથી : આનંદીબેન

## સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટે ગંભીર બનો, વિલંબ ટાળો : લેખન-વાંચનમાં બાળકોની નબળાઈઓને જાણવા છતાં આપણે તે દુરસ્ત કરતા નથી તે દુઃખદ છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૫

શિક્ષણમાં નિરાશાને સ્થાન નથી; વિલંબ ટાળો; ગંભીર બની સુયોગ્ય સંકલન કરી આગળ વધવાના સંકલ્પ સાથે સમૃદ્ધ ગુજરાતના નિર્માણના પડકારને શિક્ષણના માધ્યમ થકી સરકારને સહયોગી બનો તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે શિક્ષણ વિભાગના એક દિવસીય કાર્યશિબિરમાં સંબોધતાં જણાવ્યું હતું.



ધો. ૧૦માં ગુજરાતી વિષયના નબળા પરિણામનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું કે નિરાશાને શિક્ષણમાં સ્થાન નથી. આપણા બાળકની આપણે ખામી જાણતા જ હોઈએ છીએ પરંતુ તે નબળાઈને દૂર કરવાની ગંભીરતા દાખવવામાં આપણે ઉણા ઉતર્યા છીએ. આ નબળાઈઓ માટે આપણે ગંભીર થવુ પડશે.

શિક્ષણના અધિકારીઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષક તરીકે આપણે બાળકને ગોખણિયુ નથી બનાવવાનુ આપણ તે સમાજના વિકાસને પૂરક બને તેવુ શ્રેષ્ઠ બનાવવામાં આપણી શક્તિ વાપરીએ.

મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓના નિરાશાજનક વલણની ટીકા કરી જણાવ્યું હતું કે સરકારની સ્વયં સ્પષ્ટ સૂચના હોય અને મંત્રીઓ તેની ઉઘરાણી કરતા હોય છતાં પણ ચાર થી પાંચ મહિના સુધી સૂચનાઓના અમલમાં વિલંબ થાય એ યોગ્ય નથી.

તેમણે ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે સ્વૈચ્છીક સંગઠ્નો શાળા દત્તક લેવા માંગતી હોય પરંતુ યેનકેન પ્રકારેણ તેમાં વિલંબ કરાય મોડી દત્તક અપાય આ કાર્યપદ્ધતિમાં બદલાવ જરૂરી છે.

ગુણાંક મેળવનારી શાળાઓને દત્તક આપવાની વાતમાં ૪ થી પાંચ માસના વિલંબ પછી પણ આ શાળાઓના પરિણામ પ્રેરણારૂપ આવ્યા છે તે ગુણોત્સવ-૬ના પરિણામોમાં દેખાય છે. વિલંબને ટાળીએ તેમાં આવતીકાલની ઉજ્જવળતા સમાયેલી છે તે ન ભુલીએ.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે સમૃદ્ધ ગુજરાતના નિર્માણનો સરકારનો સંકલ્પ છે અને આ સંકલ્પને સાકાર કરવાની જવાબદારી શિક્ષણની છે. શિક્ષણ વિભાગ એક એવો વિભાગ છે જેની સાથે તમામ વિભાગો એક યા બીજી રીતે સંકળાયેલા છે. પ્રાથમિક શિક્ષણ ને ગુણવત્તાસભર બનાવીએ અને તે માટે સારા શિક્ષકો, સમાજસેવી સંસ્થાઓ; કોલેજ શાળાના નિષ્ણાત અધ્યાપકો-શિક્ષકો સાથે સુયોગ્ય સંકલન કરી બાળકને તેજસ્વી બનાવવાના યજ્ઞમાં આપણુ યોગદાન આપીએ.

## રાજયનાં ૩૦૦ ગામોમાં સ્માર્ટ સ્કૂલ બનાવાશે : મુખ્યમંત્રી

### અન્ય ભાષા પ્રભાવી હોઈ શકે માતૃભાષાનો અભાવ નહિં સાંખી લેવાય : ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૫

- રાજયમાં સ્માર્ટ વિલેજની સાથે ૩૦૦ સ્માર્ટ સ્કૂલ બનશે : સ્માર્ટ વિલેજમાં સ્માર્ટ સ્કૂલની બાબતનો સમાવેશ થયેલો જ છે.
- ગુજરાતમાં જયારે ૮૦ હજાર કરોડની વધુનું મૂડીરોકાણ આવી રહ્યું છે ત્યારે કૉલેજ કક્ષાએ પણ કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરવા જોઈએ જેથી કેરિયર ગાઈડન્સ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

**- મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ**

- શિક્ષણ વિભાગની ટીકા કરનારાઓ વસવસો કરે છે કે સારુ થઈ રહ્યાની ઈર્ષા કરે છે તે સમજાતું નથી.
- કોઈ અન્ય ભાષા પ્રભાવી હોઈ શકે પણ માતૃભાષાનો અભાવ નહિં સાંખી લેવાય.
- ગુણોત્સવ-પની તુલનામાં ગુણોત્સવ-૬નું પરિણામમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.
- સંયુક્ત નિયામકશ્રી ટી.એલ.જોશી ૧૦૦ ટકા નામાંકન અને ૦ ટકા ડ્રોપઆઉટ રેસિયો આ પ્રવેશોત્સવનું સૂત્ર છે.
- છેલ્લા દસકામાં રાજયના સાક્ષરતા દરમાં ૧૦.૧૭ ટકાનો વધારો થયો છે.

**- શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

- જેલના કેદીઓને પણ હવે યોગ લકુલેશ યુનિ.ના તાલિમાર્થીઓ શિખવશે.

**- ઉપકુલપતિ લકુલેશ યુનિવર્સિટી**

## સોરી ટુ સે : શિક્ષણ વિશેની માનસિકતા બદલો : મુખ્યમંત્રી

### ૧ થી ૪ના ગુણોત્સવમાં પણ લેખન-ગણન-વાંચન સમાવવાની હિમાયત કરતા રાજ્યના મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૫

ધો. ૧ થી ૪ના બાળકોનું ગુણોત્સવ દરમિયાન લેખન-ગણન-વાંચનના મૂલ્યાંકનમાં સમાવવાની હિમાયત આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કરી હતી.

શિક્ષણ વિભાગની એક દિવસીય કાર્યશિબિરમાં બોલતાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ધો. ૧૦ના ગુજરાતી ભાષાના નબળા પરિણામ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતીમાં કહેવત છે કે "૧૨ ગઉએ બોલી બદલાય" આપણે ત્યાં પડોશી રાજ્યો સાથેના રોટી-બેટીના વ્યવહારોને લઈ બાળક શિક્ષણ માટે શાળામાં આવે છે ત્યારે તેને શુદ્ધ ગુજરાતી ભણાવીએ છીએ પણ તેના ઉચ્ચારો અને તેના લેખન માટેની જે ટેવ પાડવી જોઈએ તે પાડી શકતા નથી. ચાલશે એ તો આગળ જઈ શીખી લેશે તેવી શાહમૃગી વૃત્તિ છોડી અને આ પાયાના શિક્ષણથી જ માતૃભાષાના યોગ્ય શિક્ષણ માટે કટિબદ્ધ બનીએ.

તેમણે કહ્યુ કે તળપદા શબ્દો અને ગુજરાતી ભાષાના શબ્દોના પુસ્તકો પણ અલગથી તૈયાર કરાયા છે પણ આપણે તેનો ઉપયોગ કરવાનું ટાળીએ છીએ. આપણે ગંભીર નથી બની શક્યા તેનું પરિણામ સામે આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે શાળા પ્રવેશોત્સવ વખતે જઈએ તો બાળકો ૧ થી ૧૦૦ના આંક કડકડાટ બોલતા જોવા મળે છે. તેનામાં જિજ્ઞાસાવૃત્તિ પડી છે તેને કેળવવાની છે અને તે જ સાચી કેળવણી છે.

તેમણે જણાવ્યુ હતુ કે બાળકને જો આપણે હિન્દી ભાષા કે અંગ્રેજી ભાષા સારી રીતે શિખવાડી શકતા હોઈએ તો ગણિત-વિજ્ઞાન સારી રીતે ભણાવી શકતા હોઈએ તો ગુજરાતીમાં કેમ આમ ?

તેમણે ધો. ૧ થી ૪ના ગુણોત્સવમાં વાંચન-લેખન-ગણનનો સમાવેશ કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે બાળકને સતત એકનું એક ભણાવીએ તો તે ગોખણીયુ બને છે તેવુ નહિ તેની જિજ્ઞાસાવૃત્તિને જાણીએ અને તે દિશામાં તેના પથદર્શક બનીએ.

નિરાશા અને ગુસ્સામાં તેમણે અધિકારીઓને ટપારતાં કહી દીધુ હતુ કે સોરી ટુ સે પણ આપણે શિક્ષણ પ્રત્યેની આપણી માનસિકતામાં બદલાવ લાવવો પડશે. પ્રવેશોત્સવમાં જઈએ તો ત્યારે બાળકો ક્યાં નબળા છે તે જાણીએ અને પછી સપ્ટે. નવેમ્બરમાં ગુણોત્સવ દરમ્યાન પણ બે જ શાળામાં જઈ ૪ થી ૬ માસના ગાળામાં બાળકો શું શીખ્યા તે જાણીએ. શું ત્રુટી છે તે સમજીએ ભૌતિક સુવિધાઓની વાતો નહિ પણ ગુણવત્તા માટે આગ્રહી બનીએ. પરિણામલક્ષી બનીએ. પરિણામની સુધારણા માટે આપણે શું કર્યુ તે વિચારીએ.

મુખ્યમંત્રીએ કહ્યુ કે આશીર્વાદ કેવી રીતે લખીએ છીએ તે બાળક જુએ છે. તેમણે જણાવ્યું હતું કે બાળકો પાસે પ્રાર્થના સભામાં નકારાત્મક સમાચારો વંચાવવાને બદલે હકારાત્મકતાના પાઠ ભણાવીએ અને ના હોય તો આપણી સંસ્થામાં બનતી વાતોને સત્તાવાર બનાવી વંચાવીએ. બાળકોના પ્રવાસમાં પણ પ્રવાસની વાતોમાં જ્ઞાન શું છે ત્યાં શું જોવાનું છે કેટલુ પુરાણુ છે તેવી વાતો કરીએ પ્રવાસ થકી બાળકોને શુ શીખવી શકાય તેવું માધ્યમિક શિક્ષણ બોર્ડના મેગેઝીનમાં છપાયુ હતુ પણ આપણે વાંચવુ જ નથી અને વાંચ્યુ હોય તો ચાલશે તે માનસિકતા નહિ ચાલે.

## મુબારકપુરમાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુબારકપુર ગામે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં જિલ્લા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી સાથે જિલ્લામાં કોલેરા પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૧૧ પર પહોંચી છે. આ સિઝનના છેલ્લા એક માસમાં જ આટલી બધી સંખ્યામાં કેસો નોંધાતાં તંત્રની મુંઝવણ પણ વધી જવા પામી છે.

મુબારકપુરના દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. ૪૧ વર્ષીય પુરૂષ દર્દીને આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયો હતો.

તંત્રના અધિકારીઓએ મુબારકપુરની આજે મુલાકાત લીધી હતી અને ગામમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરવાના આદેશો આપ્યા હતા. મળતી વિગતો પ્રમાણે ગામમાંથી પાણીના બે લિકેજીસ મળી આવ્યા છે અને તંત્રના અધિકારીઓએ પંચાયતનું ધ્યાન દોરી આ અંગે પગલાં ભરવા માટે લેખિતમાં નોટીસ પણ આપી છે.

## સેકટર-૨૯ની કન્સ્ટ્રકશન સાઈટ પરથી ૪ કેસ મેલેરિયાના મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં સે. ૨૯ની કન્સ્ટ્રક્શન સાઈટના ચાર મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાતાં ચોંકી ઉઠેલા તંત્રએ કન્સ્ટ્રક્શન સાઈટને નોટીસ આપી સાઈટ પર એન્ટી લારવેલની કામગીરી કરી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૯માં ચાલી રહેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરો મોટી સંખ્યામાં કામ કરી રહ્યા છે. આ મજૂરો અન્ય રાજ્યમાંથી રોજગારી માટે ગાંધીનગર આવ્યા છે.

આજે તંત્રની ચકાસણી દરમ્યાન ચાર મજૂરોને મેલેરિયા પોઝીટવ જણાતાં તંત્રએ તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી કરી હતી. તંત્રના અધિકારીઓએ આજે કન્સ્ટ્રક્શન સાઈટ પરથી ૧૫૦ જેટલા મજૂરોના લોહીના નમુના મેળવી અને તેને પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.

તંત્રના અધિકારીઓએ કન્સ્ટ્રક્શન કંપનીના સત્તાવાળાઓને મચ્છરોની ઉત્પત્તિ ન થાય તેવા પગલાં લેવા માટે નોટીસ પણ આપી છે. શહેરમાં બે દિવસ પહેલાં ૩૫ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુના પોરા મળી આવ્યા હતા.








